જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૩/૨૦૨૩ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૬૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૦૮ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩૫ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૬૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૪૬૯/૨૦૨૩

ચાંદખેડાઃ રાહુલ મોતીરામ ચૌધરી (ઉ.વ.૩૭) (રહે. કલતીર્થ ટાવર, સેવી સોલારીસ પાસે ફોર-ડી મોલ પાછળ મોટેરા) એ તા.૧૭/૦૩/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રાહુલ ચૌધરી કાપડના માલ-સામાનનો ધંધો કરતા હોઈ માહે એપ્રિલ-૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) પ્રાચી ટેક્ષટાઇલના પ્રોપરાઇટર મીના જૈન (૨) મોતીલાલ ઓસ્વાલ (૩) આયુષ જૈન અને (૪) રાનમલ બોથરા (તમામ રહે. નંદનવન સોસાયટી, ખેમા કા કુંઆ, પાલ રોડ,જોધપુર રાજસ્થાન) એ ભેગા મળી અમદાવાદ સારંગપુર ન્યુ. ક્લોથ માર્કેટ ટોપ ફ્લોર ઓફિસ-૨૧૩ ખાતેથી રાહુલ ચૌધરી પાસેથી કાપડનો માલ-સામાન મંગાવી તે પૈકી કાપડના પૈસાના આપેલ ચેક સ્ટોપ પેમેન્ટ કરાવી બાકી નિકળતા રૂપિયા ૩,૬૭,૯૪,૫૬૨/- નહી ચુકવી ખોટા કેસમા ફસાવી દેવાની ધમકી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

નારણપુરાઃ કલ્પેશભાઇ નાથભાઇ પટેલ (ઉ.વ.૪૭) (રહે. વિશ્વાસ પ્લેટીનમ-૧, હેતાર્થ પાર્ટી પ્લોટ સાયન્સ સીટી રોડ સોલા) એ તા.૧૭/૦૩/૨૦૨૩ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૩/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગે આરોપી મનોજભાઇ ઉપેન્દ્રભાઇ ત્રીવેદી નારણપુરા લખુડી સર્કલ પાસે એડોર એમ્બીશન કોમ્પલેક્ષ દુકાન નંબર-૨૦૪ કલ્પેશભાઈ પટેલની એક્ષીસ મેડીટેક નામની ઓફીસ ખાતેથી ફીલીપ્સ કંપનીના ઓકસીજન મશીન નંગ-૨ કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, એક ફીલીપ્સ કંપનીનુ બાયપેપ એ-૪૦ મશીન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ભાડે લઈ જઈ આજદિન સુધી ભાડુ નહી ચુકવી તેમજ આપેલ મશીન પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પોસઇશ્રી જે.ટી.ચારણ ચલાવે છે.

નરોડાઃ પ્રજ્ઞેશભાઇ બીપીનભાઇ પાઠક (રહે. વિશ્વકર્મા સોસાયટી વિભાગ-૨ ભાવીકી સ્કુલની બાજુમા ચાંદલોડીયા) એ તા.૧૭/૦૩/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૧૨/૨૦૨૨ ના રોજથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઋત્વીક અનિલકુમાર બત્તા (રહે. ૩૬ કેશવ પાર્ક હરીદર્શન પાસે નરોડા) પ્રજ્ઞેશભાઇ પાઠક પાસેથી હોન્ડા સીટી કાર નંબર જીજે ૦૩ એફકે ૯૯૭૩ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- ભાડેથી લઈ જઈ નક્કી કરેલ ભાડું નહી ચુકવી તેમજ કાર પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૪૭૦/૨૦૨૩**

મણીનગરઃ સંજયકુમાર હસમુખલાલ કવા (રહે. મંગલમ એપાર્ટમેન્ટ ભાદેવાની શેરી પીરછલ્લા ભાવનગર) એ તા.૧૭/૦૩/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન મણીનગર જવાહર ચોક સીટી ફેશન નામની દુકાન સામે સ્વપ્ન કોમપ્લેક્ષના ફુટપાથ પાસે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ બેગ ચોરી કરી લઇ ગઈ હતી. જે બેગમાં લેપટોપ, હાર્ડડિસ્ક, પેન ડ્રાઇવ નંગ-૨ અને રોકડ રૂપિયા ૧,૧૦,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૨,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ સંજયકુમાર કવા એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૭૧/૨૦૨૩**

સોલા હાઇકોર્ટઃ આનંદીબહેન વા/ઓ ચંદુભાઇ પટેલ (ઉ.વ.૬૪) (રહે. આશ્રય હેવન સાયન્સ સીટી રોડ સોલા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૩/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે રહેણાંકના ધાબા ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.એલ.સાંસલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી